

# પંચશીલ ન્યુઝ

panchshilschool2011@gmail.com | www.facebook.com/panchshilschool | www.youtube.com/panchshilschool

**‘સેફ્ટી ફર્સ્ટ, એજ્યુકેશન મસ્ટ’ સુત્ર આપતા, ડો. ડી. કે. વાડોદરીયા**

# ભારત બદલાય છે, શિક્ષણ બદલાય છે, આપણે પણ..



**ડો. ડી.કે. વાડોદરીયા**
**મેનેજીંગ ટ્રસ્ટી - પંચશીલ સ્કૂલ**

- પરંપરાગત શિક્ષણ ઉપરાંત ડિજિટલ પ્લેટફોર્મ
- ધો. ૧૦-૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓ માટે ‘ગ્રીન કોરીડોર’
- બ્રિટીશ કાઉન્સીલના જોડાણનો મહત્ત્મ લાભ
- પરીક્ષાલક્ષી તૈયારી એજ વિદ્યાર્થી ઘડતરનું ધ્યેય

## ભારત બદલાય છે, શિક્ષણ બદલાય છે, આપણે પણ...

કોરોના મહામારીના પડકારમાં વિશ્વ બદલાઈ રહયુ છે. ભારત બદલાઈ રહયુ છે. પરિવર્તનના આ દોરમાં શિક્ષણ પદ્ધતિમાં આમૂલ પરિવર્તન આવી રહ્યુ છે. પંચશીલ સ્કૂલે આ પરિવર્તનનો કોલ સ્વીકારી લીધો છે. વાલીઓ, વિદ્યાર્થીઓ અને સમગ્ર સમાજે બદલાતા સંજોગોને સમજવા પડશે. અંગ્રેજીમાં એક કહેવત છે બીગર ધ ચેલેન્જ બીગર ધ ઓપોર્ચ્યુનિટી. પંચશીલ સ્કૂલે મુશ્કેલીના આ દોરમાં વિદ્યાર્થીઓને નેતૃત્વ પૂરૂ પાડી શિક્ષણની અહર્નીશ જયોત જલતી રાખવા અને સૌને પ્રકાશિત કરવા અભિયાન આદર્યુ છે. આ માટે પંચશીલ સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી ડો.ડી.કે. વાડોદરિયા સાહેબે એક સૂત્ર આપ્યુ છે. ‘‘સેફટી ફર્સ્ટ, એજયુકેશન મસ્ટ’’ કોરોનાની બીજી લહેર આવે તો પણ વિદ્યાર્થીઓને ડિજિટલ માધ્યમથી શિક્ષણ સાથે અવિરત જોડી રાખવાનો નિર્ધાર પંચશીલ સ્કૂલ મેનેજમેન્ટે કર્યો છે. ગત વરસમાં અચાનક આવી પડેલા પડકારને તક સમજી પંચશીલ સ્કુલ દ્વારા ડિજિટલ ટેલન્ટ પુલ તૈયાર કર્યો છે. વિદ્યાર્થીઓને પંચશીલ સ્કૂલના શિક્ષકોએ યુ ટયુબ ચેનલ, પંચશીલ એપ,ગુગલ મીટ તથા અન્ય જરૂરી તમામ ડિજિટલ માધ્યમોથી શિક્ષણ આપ્યુ.વિદ્યાર્થીઓએ પણ તેનો ઉત્સાહથી સ્વીકાર કર્યો છે.

ભારત સરકારના આંકડા મુજબ કોરોના કાળમાં આપણે ડિજિટલ માધ્યમથી વધુ મજબુત થઈને આવ્યા છીએ. અંદાજે ૩૩ કરોડ વિદ્યાર્થીઓ કોવિડ - ૧૯ના પડકાર વચ્ચે ડિજિટલ માધ્યમથી અભ્યાસ સાથે જોડાઈ રહયા. દેશમાં એક હજારથી વધુ યુનિવર્સિટીઓ ૪૫ હજાર કોલેજ,૧૫ લાખથી વધુ શાળાઓ અને એક કરોડથી વધુ શિક્ષકોએ ડિજિટલ માધ્યમથી શિક્ષણ કાર્ય અવિરત રાખ્યુ. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ સફળતાપૂર્વક લેવાઈ. દેશનાં શિક્ષણમાં રાતો રાત અભૂતપૂર્વ ડિજિટલ ક્રાંતી થઈ. વિશ્વની આટલી મોટી આબાદી શિક્ષણના ડિજિટલ પ્લેટફોર્મમાં કન્વર્ટ થઈ હોય એ પણ એક દાખલો છે.

પંચશીલ સ્કુલ મેનેજમેન્ટ ઈચ્છે છે કે શાળામાં ફરી વિદ્યાર્થીઓની કિલકારી અને શિક્ષણ ઝળહળે. પરંતુ પ્રતિકુળ પરિસ્થિતિમાં આપણને મળેલા ડિજિટલ શિક્ષણના આશિર્વાદનો આપણે કોરોના લહેર આવે કે નહિ તમામ સ્થિતિમાં પૂરે પૂરો લાભ ઉઠાવીશુ. ભારત બદલાય છે. ભારત વિશ્વ ગુરૂ બનવા જઈ રહયુ છે. ચાલો આપણે પણ સૌ ફિઝિકલ અને ડિજિટલ બંને માધ્યમ અપનાવી સાથે બદલાઈએ. પડકારને તકમાં પલટાવીએ.



**41**
**વર્લ્ડ રેકોર્ડ મેળવતી ગુજરાતની એકમાત્ર સ્કૂલ**

## પંચશીલ સ્કૂલ એટલે....

### વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય

પંચશીલ સ્કૂલ આધુનિક શિક્ષણ અને આપણા પરંપરાગત સાંસ્કૃતિક વારસાનો સમન્વય છે. અહિં વિદ્યાર્થીઓને માત્ર પરીક્ષાલક્ષી શિક્ષણ નહી પરંતુ જીવનમાં ઉપયોગી ભાથુ મળી રહે તેનો ખ્યાલ રાખવામાં આવે છે. પંચશીલ સ્કૂલ વિદ્યાર્થીનું ઘડતર કરવાના ધ્યેયથી ચલાવાતું શૈક્ષણિક અભિયાન છે.

પંચશીલ સ્કૂલમાં ગુજરાતી માધ્યમમાં પ્લેહાઉસથી ધોરણ ૧૨ (કોમર્સ) સુધીનું શિક્ષાણ અપાય છે. પંચશીલ સ્કૂલમાં અંગ્રેજી માધ્યમનું પ્લે હાઉસથી ધોરણ ૩ સુધીનું શિક્ષણ અપાય છે.

૧૯૮૦માં પંચશીલનો પાયો નાંખવામાં આવ્યો હતો.લગભગ ચાર દાયકા સુધી પંચશીલ સ્કૂલે બીજમાંથી વટવૃક્ષનું સ્વરૂપ ધારણ કર્યુ છે. આટલા વરસોમાં પંચશીલ સ્કૂલમાં ૧૫ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચુકયા છે. જેમાં લગભગ તમામ જીવનના કોઈને કોઈ ક્ષેત્રમાં કોઈને કોઈ તબકકે કાર્યરત છે. આ તમામ વિદ્યાર્થીઓને પંચશીલ સ્કૂલ પ્રત્યે એક ખાસ અનુગ્રહ છે એ પંચશીલ સ્કૂલના મેનેજમેન્ટની સફળતાનું પ્રમાણપત્ર છે.

પંચશીલ સ્કૂલનાં વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં ઝળહળતું પરિણામ મેળવવામાં સફળ રહયાં છે. આ સફળતા પાછળ ખુદ વિદ્યાર્થીઓની ધગશ, શિક્ષકગણનો અનુભવ, અથાક મહેનત અને મેનેજમેન્ટનું અનુભવી માર્ગદર્શન કારણભૂત છે.

પંચશીલ સ્કૂલના વિદ્યાર્થીઓ લોકલ ટચ સાથે ગ્લોબલ વિઝન મેળવે એ ધ્યેય છે. રાજકોટની એક માત્ર શાળા તરીકે પંચશીલે બ્રિટીશ કાઉન્સીલ યુ.કે. સાથે જોડાણ કર્યુ છે. અંગ્રેજીમાં પિયર મનાતા બ્રિટનના શિક્ષણવિદો અને સ્થાનિક ટેલેન્ટ શિક્ષકગણની મદદથી પંચશીલના વિદ્યાર્થીઓના પાયામાં ગ્લોબલ એજયુકેશન અને કલ્ચર ડેવલપ કરવામાં અમે કટીબદ્ધ છીએ. દરેક વિદ્યાર્થીમાં જુદી જુદી શકિત હોય છે. આ બાબતને ધ્યાનમાં લઈને પંચશીલમાં અભ્યાસ સાથે સાંસ્કૃતિક, આધ્યાત્મિક રમત - ગમત, કલા, તેજસ્વીતા,

**- ડો. ડી. કે. વાડોદરીયા - મેનેજીંગ ટ્રસ્ટી (પંચશીલ સ્કુલ)**

# પંચશીલ સ્કૂલ | ધો.૧૨ કોમર્સનું શ્રેષ્ઠ પરિણામ ઉત્તમ પરિણામ

## ધોરણ ૧૨નું સતત નવ વર્ષથી શ્રેષ્ઠ પરિણામ

## A-1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓ



A1 GRADE

- એસ.પી. - 96
- અર્થશાસ્ત્ર - 95
- આંકડાશાસ્ત્ર - 94

**વાઘેલા મિહિર**
**99.86**



A1 GRADE

બોર્ડ 1st

- આંકડાશાસ્ત્ર 100
- નામુ. 100
- વાણીજય 98

**સખીયા નેવિલ**
**99.82**



A1 GRADE

- નામુ - 95
- એસ.પી. - 94
- વાણિજય - 94

**પાનસુરીયા જય**
**99.80**

## 95 થી વધુ PR મેળવનારા વિદ્યાર્થીઓ



| | |
|---|---|
| મોરજરીયા કેવિન | 99.72 |
| મકવાણા રાજેશ | 99.59 |
| ગોઢાણીયા મીરા | 99.51 |
| કારેલીયા બંસી | 99.51 |
| વસોયા ભાવિન | 99.47 |
| ઘવા ચાર્મી | 99.47 |
| ઓઝા દેવર્ષ | 99.10 |
| વોરા પ્રિન્સી | 98.95 |
| કાલરીયા ધ્રુવિ | 98.77 |



| | |
|---|---|
| પિલોજપરા સુરજ | 98.77 |
| વોરા પ્રિન્સી | 98.95 |
| સિસોદીયા ધર્મરાજ | 98.26 |
| પેશાવરીયા પ્રકૃતિ | 98.07 |
| ટીલાળા નિહાલ | 97.84 |
| ઘડુક હિમાંશી | 97.82 |
| પઢીયાર દેવાંશુ | 97.82 |
| મૌર્ય ચિરાગ | 97.78 |
| ઘવા ફેનિલ | 97.75 |



| | |
|---|---|
| મકવાણા મીતલ | 97.53 |
| પરમાર ભાવિન | 97.53 |
| શેખમન્સુરી ઈસ્લામ | 97.53 |
| ગણાત્રા માનસી | 97.04 |
| જોષી રાજ | 96.96 |
| આશરા પુજા | 96.89 |
| જાડેજા ભવ્યદિપસિંહ | 96.67 |
| ગોહેલ તુલસી | 96.29 |
| ચુડાસમા તન્વી | 96.19 |



| | |
|---|---|
| નાથાણી દર્શિત | 96.19 |
| શિંગાળા શ્રેયા | 95.12 |
| વાઘેલા ખ્યાતી | 95.00 |
| જાડેજા પાયલબા | 95.00 |
| ખીમસુરીયા સુધાંશુ | 95.00 |

**ધોરણ ૧૧(કોમર્સ)માં એડમીશન માટે**
અહિં આપેલ QR કોડ સ્કેન કરો

## બ્રિટનની સ્કૂલો સાથે જોડાણ



પંચશીલ સ્કૂલ-રાજકોટ બ્રિટીશ કાઉન્સીલ દ્વારા ઇન્ટરનેશનલ સ્કૂલ એવોર્ડ ૨૦૧૩-૧૬ અને ૨૦૧૬-૧૯ સતત બે વખત મેળવતી ગુજરાતી માધ્યમની સૌરાષ્ટ્રની એકમાત્ર સ્કૂલ છે. આ ઉપરાંત બ્રિટીશ કાઉન્સીલનાં કનેકટીંગ કલાસરૂમ પ્રોજેકટ અંતર્ગત પંચશીલ સ્કૂલ નોર્થ ઈંગ્લેન્ડની સેન્ટ એન્થેનીઝ ગર્લ્સ એકેડેમી, કવીન અલેકઝાન્ડ્રા સ્કૂલ, હિલવ્યુ ઇનફન્ટ સ્કૂલ, બ્રાઇટન એવેન્યુ પ્રાયમરી સ્કૂલ, મોંકહાઉસ પ્રાયમરી સ્કૂલ એમ કુલ પાંચ સ્કૂલો સાથે જોડાણ ધરાવે છે.

જે અંતર્ગત શાળાનું પંચશીલ સ્કૂલની મૂલાકાતે નોર્થ ઈંગ્લેન્ડની સ્કૂલોનું પ્રતિનિધી મંડળ ૨૦૧૪થી દર વર્ષે પંચશીલ સ્કૂલની મૂલાકતે આવે છે અને પંચશીલ સ્કૂલનું પ્રતિનિધી મંડળ પણ ઈંગ્લેન્ડની આ શાળાની મુલાકાત લે છે. પંચશીલ સ્કૂલ ગુજરાતી માધ્યમની એકમાત્ર સમગ્ર ગુજરાતની શૈક્ષણિક સંસ્થા છે કે જેનું ઈંગ્લેન્ડ, શ્રીલંકા અને સ્પેનની શાળા સાથે કલ્ચરલ એકસ્ચેંજ પ્રવૃતિઓ નિયમિત પણે બાળકોનાં વિકાસ માટે કરે છે.

## પંચશીલના વિદ્યાર્થીઓ કોમર્સના વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ માર્કસ મેળવે છે

### પંચશીલ સ્કૂલ કોમર્સ વિભાગ **મજબુત પાયો ઉંચી ઇમારત** શ્રેષ્ઠ પરિણામની સાથે કારકિર્દીનું ઉતમ ઘડતર

પંચશીલ સ્કૂલમાં કોમર્સ વિભાગમાં નિષ્ણાંત શિક્ષકોની ટીમ દ્વારા યોગ્ય પદ્ધતિથી અભ્યાસ કરાવવામાં આવે છે. જેનાં ફળ સ્વરૂપે દર વર્ષે વિદ્યાર્થીઓ આંકડાશાસ્ત્ર અને એકાઉન્ટન્સ જેવાં અઘરા વિષયોમાં પણ ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવે છે.

પંચશીલ સ્કૂલમાં કેરીયર એજયુકેશન પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન કોર્ષ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓનાં આવડત અને અભિગમ મુજબ ઉચ્ચ અભ્યાસ નું માર્ગદર્શન આપવામાં આવે છે. ૧૧-૧૨ કોમર્સમાં જ સી.એ. અને સી.એસ. જેવાં ઉચ્ચ અભ્યાસક્રમમાં કેવી રીતે સફળતા પ્રાપ્ત કરી શકાય તે મુજબ અભ્યાસ કરાવવામાં આવે છે અને ધોરણ ૧૧ કોમર્સથી જ સ્પર્ધાત્મક પરીક્ષાનું સતત માર્ગદર્શન આપવામાં આવે છે. શાળાનાં વિદ્યાર્થી જેસુર હેમાંગે સી.એ. એફ.સી. વર્ષ ૨૦૧૮-૧૯ માં ઓલ ઈન્ડિયામાં ૨૨મો રેંક, પાનસુરીયા જય ૪૩મો રેન્ક અને વાઘેલા મિહિર ૪૯મો રેન્ક મેળવેલ છે. મેળવેલ છે. શાળાનાં ઘણાં વિદ્યાર્થીઓ સી.એ., સી.એ. એફ.સી. જેવી પરીક્ષાઓ પ્રથમ પ્રયત્નએ પાસ કરેલ છે જેમણે **મજબુત પાયો ઉંચી ઇમારત** આ સુત્રને સાર્થક કરેલ છે.



## ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે

# ગ્રીન કોરીડોર યોજના શું છે?

કોરોના કાળે આપણને ખુબ જ અનિશ્ચીત સંજોગોમાં મૂકી દીધા છે. કોરોનાની બીજી લહેરના ભણકારા વાગી રહયા છે. આવા સંજોગોમાં શિક્ષણકાર અને પંચશીલ સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ડી.કે. વાડોદરિયાએ સતત ચિંતા,ચિંતન,મંથન કરી વૈશ્વિક પ્રવાહો ઉપર નજર રાખી રહયા છે. હાલના તબકકે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક ભાવિ કોઈ પણ સંજોગોમાં કોરોનાથી પ્રભાવિત ન થવુ જો એવો તેમનો દ્રઢ નિર્ધાર છે.

આ માટે ખાસ કરીને વિદ્યાર્થી જીવનના ખુબ જ મહત્વના વર્ષ એટલે કે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને વિશેષ મદદની જરૂર પડશે. જેમ દર્દીને બચાવવા એકથી બીજા શહેરની હોસ્પિટલ સુધી ગ્રીન કોરીડોર રચાય છે. અને દર્દીને બચાવાય છે બસ એ જ રીતે ધોરણ ૧૦ અને ૧૨ના પંચશીલ સ્કુલના વિદ્યાર્થીની કારકિર્દીને કોરોનાનું સામુહિક ગ્રહણ ન લાગે એ માટે તમામ પ્રયાસ કરવા, વિદ્યાર્થીની કારકિર્દીને બચાવવા પંચશીલ સ્કૂલ મેનેજમેન્ટ ગ્રીન કોરીડોર પ્લાન આ વર્ષથી અમલી બનાવ્યો છે. જેમાં શાળા ચાલુ હોય તો એ પ્રમાણે અને કોરોનાને કારણે પ્રોટોકોલ વધુ પ્રતિબંધીત બને તો તે સ્થીતિમાં ધોરણ ૧૦ થી૧૨ના અનુભવી શિક્ષકોનું કોર ગ્રુપ પંચશીલ સ્કૂલના બોર્ડના તમામ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ કે ડિજિટલ શિક્ષણ આપવા એક ટાસ્કફોર્સ રચશે. જેમાં દરેક વિદ્યાર્થીનો ટર્મના પ્રારંભથી જ ટ્રેક રેકોર્ડ રાખવામાં આવશે. તેનો વિકલી રિવ્યુ થશે. વિકલી ટેસ્ટ લેવાશે.

રિવ્યુ બાદ વિદ્યાર્થીને જયાં મુશ્કેલી હશે ત્યાં વિશેષ ભાર મૂકી વિદ્યાર્થીને શ્રેષ્ઠ પરિણામ ભણી દોરી જવાશે. ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે અનુભવી ટેલન્ટેડ શિક્ષકોની ટાસ્કફોર્સ ટીમ દિવસ રાત જહેમત લેશે. પંચશીલ સ્કૂલનું ધ્યયે એક જ છે કે કોરોનાના આ પડકારજનક સમયમાં બોર્ડમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ઓની કારર્કિદીને કોઈ ગ્રહણ ન લાગે

## પંચશીલ સ્કૂલને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ



**ગિનિસ વર્લ્ડ રેકોર્ડ દ્વારા પંચશીલ સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી ડો. ડી. કે. વાડોદરીયાને એવોર્ડ એનાયત કર્યો તેની તસવીર**

### પંચશીલ સ્કૂલ એટલે

અનુ. પાના ૧ થી

વકતૃત્વ, નેતૃત્વ સહિતની પ્રવૃતિને વિકસાવવા વર્ષ દરમ્યાન કાર્યક્રમો યોજાતા રહે છે. વિદ્યાર્થી માત્ર પુસ્તકિય કે માર્કસલક્ષી શિક્ષણના બીબામાં ન ઢળે પરંતુ તેનો સર્વાંગી વિકાસ થાય અને ભવિષ્યમાં આવનારા પડકારને જિલવામાં પણ તે સક્ષમ બને એ અમારુ ધ્યેય છે.

પોસ્ટ કોરોના કાળમાં પ્રત્યેક શિક્ષણ સાથે ડિજિટલ શિક્ષણ અને ખાસ તો માર્ગદર્શન આપવા પંચશીલ સ્કૂલ ખાસ ડિજિટલ ટેલેન્ટ પુલ સાથે ડિજિટલ પ્લેટફોર્મ થકી વિદ્યાર્થીઓને તમામ રીતે મદદરૂપ થશે. પંચશીલ સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા ડિજિટલ શિક્ષણ માટે યુ-ટયુબ ચેનલ, પંચશીલ એપ્લીકેશન, ગુગલ મીટ સહિતના ડિજિટલ માધ્યમો દ્વારા કોરોના કાળમાં પણ શિક્ષણ યજ્ઞ પ્રજવલ્લિત રાખવામાં આવ્યો હતો.

અમે માનીએ છીએ સેફટી ફર્સ્ટ, એજયુકેશન મસ્ટ. આ પડકારજનક બેલેન્સ માટે સ્કૂલ મેનેજમેન્ટ સાથે વાલીઓ અને વિદ્યાર્થીઓએ પણ સજ્જ બનવું પડશે કારણ કે પરિવર્તન કુદરતનો નિયમ છે. ભારત બદલાઇ રહ્યું છે. વિશ્વ બદલાઇ રહ્યું છે. આપણે પણ ચાલો બદલાઇએ.

# CA માં ઐતિહાસિક સફળતા મેળવતા પંચશીલ સ્કૂલના વિદ્યાર્થીઓ....

સૌરાષ્ટ્ર 1st



**જેસુર હેમાંગ**
**348/400**




**સમગ્ર ભારતમાં 22 મો ક્રમ**




સખીયા બ્રિન્દા




શંખલપરા જયના



પાનસુરીયા જય
સમગ્ર ભારતમાં 44 મો ક્રમ



સખીયા નેવિલ
સમગ્ર ભારતમાં 49 મો ક્રમ



વાઘેલા મિહિર
Both Group કેન્દ્રમાં 3જો ક્રમ



મોરજરીયા કેવિન




છત્રા નમન



સખીયા ભાવિન



કાકડિયા દિપક



સાદરીયા જય



ઘનેશા નિરજ



જાડેજા વિશ્વરાજ



મોરજરીયા ભૌતિક

## એડમીશન ઓપન

**કે. જી. થી ધોરણ ૧૨ (કોમર્સ) ગુજરાતી માધ્યમ,**
**પ્રિ-સ્કૂલ થી ધોરણ ૩ અંગ્રેજી માધ્યમ**

- એવી શાળા કે જ્યાં હજારો વિદ્યાર્થીઓની ઝળહળતી કારકિર્દીનું ઘડતર થયુ છે
- ધોરણ ૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓને 'ગ્રીન કોરીડોર' શિક્ષણ ઉપરાંત નિરંતર અભ્યાસ માર્ગદર્શનનો લાભ
- પંચશીલના કોઇ વિદ્યાર્થીને વધારાના ટ્યુશનની જરૂર નથી વાલીઓના નાણા અને સમયનો બચાવ
- પ્રાયમરી અને પ્રિ-પ્રાયમરી સ્કૂલમાં અભ્યાસ સાથે વ્યક્તિત્વ ઘડતરનો અભિગમ
- ધોરણ-૧૧ (કોમર્સ) થી જ CA,CS અને GPSC ને અનુરૂપ શિક્ષણ પધ્ધતિ



# પંચશીલ સ્કૂલ

શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.
8866110011, 8866220022, 8866330033
www.panchshilschool.com panchshilschool2011@gmail.com